Accredited Grade "A" by NAAC(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

કોમ્પ્યુટર સેન્ટર,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭

---

પરિપત્રઃ-

વિષયઃ- સરકારી યુનિવર્સીટીઓમાં વહીવટ અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે પંચવર્ષીય એક્શન પ્લાન તૈયાર કરવા અંગે

આથી યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક ભવનોના વડાઓ તથા વિભાગના વડાઓને જણાવવાનું કે ઉચ્ચશિક્ષણની ગુણવતામાં સુધારો કરવા બાબતે અને રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃસ્ટ દેખાવ કરી શકે તે માટે માન.મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલ બેઠક અને તે પરત્વે નિમાયેલ સમિતિની ભલામણ મુજબ પંચવર્ષીય એક્શન પ્લાન તૈયાર કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

સદરહુ એક્શન પ્લાનમાં એકેડેમિક રીફોર્મ્સ, એડમીનીસ્ટ્રેટીવ રિફોર્મ્સ, ગવર્નન્સ રિફોર્મ્સ, એડમીશન રિફોર્મ્સ, ડીજીટલાઈઝેશન તથા વહીવટમાં ટેકનોલોજીનો ઉપયોગ, ફાઈનાન્સિયલ રિફોર્મ્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિફોર્મ્સ, રીસર્ચ, કેરિયર ગાઇડન્સ, પ્લેસમેન્ટ, નેક / એન આઈ આર એફ / એનબીએ સ્ટેટસ વિગેરે પેરામીટર્સનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત પેરામીટર્સ અને તેને આનુસંગિક મુદાઓ પરત્વે ભવને / વિભાગે તે મુદ્દાના વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના ત્રિમાસિક લક્ષ્યાંક નક્કી કરી અને નક્કી કરેલા લક્ષ્યાંક પરત્વે દર ત્રણ માસે કેટલો લક્ષ્યાંક સિદ્ધ થયો તેની વિગત તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓન-લાઈન સોફ્ટવેર પર અપલોડ કરવાની રહે છે.

હાલમાં ઉપર દર્શાવેલ વર્ષોના ચાર-ચાર ત્રિમાસિક ગાળાઓ જુન-ઓગસ્ટ, સપ્ટેમ્બર-નવેમ્બર, ડીસેમ્બર-ફેબ્રુઆરી અને માર્ચ-મે માટે ત્રિમાસિક લક્ષ્યાંકો નિયત કરી ઓન-લાઈન સોફ્ટવેર પર અપલોડ કરવા તેમજ વર્ષ ૨૦૨૦-૨૧ના બે ત્રિમાસિક ગાળાઓ જુન-ઓગસ્ટ અને સપ્ટેમ્બર-નવેમ્બર માટે લક્ષ્યાંક સિદ્ધીની માહિતી ઓન-લાઈન સોફ્ટવેર પર તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં અપલોડ કરી આપવા વિનંતિ છે.

ઉપરોક્ત ઉપરાંત દર ત્રણ માસ પુરા થયે લક્ષ્યાંક સિદ્ધીની માહિતી ઓન-લાઈન સોફ્ટવેર પર ત્રણ માસ પુરા થયાના દિવસ ૧૦માં અપલોડ કરી આપવા વિનંતિ છે.

(signature)

કુલસચિવ

---

નં.પીએલજી/યુજીસી/૧૨-૧૧૧/ 17? /૨૦૨૦ તા. 27 /૧૨/૨૦૨૦

યુજીસી વિભાગ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ.

પ્રતિ,

(૧) યુનિવર્સિટીના તમામ ભવનના અધ્યક્ષશ્રીઓ,

(૨) યુનિવર્સિટીના તમામ વિભાગના વડાશ્રીઓ,

(૩) સબંધિત નિયામકશ્રીઓ, કો-ઓર્ડીનેટરશ્રીઓ, રેક્ટરશ્રીઓ,

નકલ સાદર રવાના:

(૧) માનનીય કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,

(૨) માનનીય ઉપ-કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,

(૩) માનનીય કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.